Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીના શિક્ષણ અને કેળવણી અંગેના વિચારો તેમજ વર્તમાન સ્થિતિ

ડૉ. ભાવેશકુમાર કે. પ્રજાપતિ
મદદનીશ પ્રાધ્યાપક, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ-જાદર, જિ. સાબરકાંઠા.

- **પ્રસ્તાવના** : ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારતને આઝાદ થયા બાદ ૭૬મો સ્વાતંત્ર્ય દિન હમણાં જ ઉજવાયો. જેમાં આઝાદીના સાત દાયકા વીત્યા છતાં હજુ ખરા અર્થમાં કેળવણીનો ફેલાવો થયેલો જોવા મળતો નથી. સાક્ષરતા દર ૭૪.૦૪% સુધી પહોચ્યો છે. એનો અર્થ એ કે ૧૯૪૭ના દાયકામાં ૧૬.૧% હતો, જે ઘણા અંશે વધ્યો હોવા છતાં સંતોષકારક નથી. માત્ર સાક્ષરતા દર વધ્યો છે, પણ ખરી કેળવણીની અસર જોવા મળતી નથી. શિક્ષણ ચોક્કસપણે માનવની સર્વાંગી વિકાસનું પ્રગતિનું સાધન છે. ઉપરાંત કહી શકાય કે માનવ વિકાસનો માર્ગ શિક્ષણ અને કેળવણીની શેરી કે માર્ગમાંથી પસાર થાય છે. સાચું શિક્ષણ એ કોઈપણ માનવના હેતું અને લક્ષ્ય પ્રાપ્ત કરવાનો આધાર છે. તમામ પ્રાચીન શાસ્ત્રો અને ધર્મ ગ્રંથોનો સાર તેમજ વિદ્વાનો અને કેળવણીકારોના સંદેશાઓ હંમેશા માનવ જીવનમાં શિક્ષણ અને કેળવણીના મહત્વને સ્પષ્ટ રીતે વર્ણવ્યું છે. જે મનુષ્ય માટે અંતિમ શાંતિ નક્કી કરે છે. ગાંધીજી સ્પષ્ટ રીતે વિચારતા હતા કે આધુનિક શિક્ષણ પ્રણાલીની રચના જે રીતે કરવામાં આવી છે, તે એક નિમ્ન સ્વરૂપે આવશ્યકપણે એક નિમ્ન હેતુ માટે સેવા આપે છે. ગાંધીની કલ્પના અને સમજૂતીનું શિક્ષણ અને કેળવણી માનવીને માર્ગદર્શન આપવા અને તેના જન્મથી મૃત્યુ તરફ સદમાર્ગે દોરી જઇ જીવન સાર્થક કરનાર હતું. જે માનવજીવનના સૌથી સુંદર અને મૂલ્યવાન આભૂષણમમાં પરિણમે છે. ગાંધીજીનું માનવું હતું કે શિક્ષણ એક 'સંપૂર્ણ માનવી' બનાવવાનું સાધન છે, જે શિક્ષણ ધરતી પરનું ભૌતિક સુખ મેળવવાનું સાધન નહીં, પણ નૈતિક અને આધ્યાત્મિક સાથે જોડી જીવન સાર્થક બનાવવાનું સાધન છે.

તાજેતરમાં જ ૧૫૦મી ગાંધીજયંતિ ઉજવાઇ છે અને ગાંધી કાર્યક્રમોની હારમાળા શરૂ થઇ છે. જેવી કે સાક્ષરતા અભિયાન, નાટક, નિબંધ લેખન, વકૃત્વ, ગાંધીવિચારો આધારિત ફિલ્મો, નાટીકાઓનો પ્રચાર-પ્રસાર ધૂમ ચાલે છે. પણ માત્ર સરકારી આંકડાઓ માટે અને દફતર રેકર્ડ માટે હોય તેવું જણાય છે. જે જરૂરી છે કૉલેજ, માધ્યમિક શાળાના યુવાનો માટે અને જાગૃતતા માટે પણ એનાથી વધુ જરૂર ગાંધીના વિચારોને લોહીમાં ભેળવવાની. જેની કેટલેક અંશે ઉણપ જણાય છે.

કેળવણી અને શિક્ષણ વિશે ગાંધીજીના લેખો પ્રકાશિત થયેલા છે. જેમાં (૧) પાયાની કેળવણી ૧૯૫૦, (૨)

કેળવણીનો કોયડો, ૧૯૩૮, (૩) ખરી કેળવણી, ૧૯૩૮ વગેરેનું વાંચન અને અધ્યયન કરવું જોઈએ. જેથી ખરા અર્થમાં ગાંધી કેળવણી અને શિક્ષણનો વાસ્તવિક ખ્યાલ મળી શકે. ગાંધીજીએ આઝાદી બાદ શિક્ષણનો આદર્શ "ચારિત્ર્ય ઘડતર" રહેશે તેવો મત વ્યક્ત કર્યો હતો. સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૫માં ભારત પરત ફર્યા પહેલાં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં રંગભેદનીતિ સામે બાથ ભીડેલી અને સાથે જ 'ફિનિક્સ', 'ટોલ્સટોય' આશ્રમની સ્થાપનાથી કેળવણીનો પાયો નાખેલો.

"શિક્ષણ દ્વારા મારો અર્થ એ છે કે બાળક અને માણસ શરીર, મન અને ભાવનામાં સર્વશ્રેષ્ઠ ચિત્ર બહાર કાઢવાનો છે, સાક્ષરતા એ શિક્ષણનો અંત અથવા પ્રારંભ પણ નથી." - એમ.કે ગાંધી (હરિજન : ૩૧ જુલાઇ,૧૯૩૭)

તેમ આપણે કહી શકીએ કે શિક્ષણ અને કેળવણી લાંબાગાળે માનવજીવનનો પાયો રચે છે, જેના પર શાંતિ અને સમૃદ્ધિના ગઢ અને કિલ્લાઓ બનાવી શકાય છે. નૈતિક, માનસિક અને ભાવાત્મક આ ત્રણેય પરિણામોમાં શિક્ષણ એ પાયારૂપ અને આધાર બની શકે છે. શિક્ષણનો અંગ્રેજી શબ્દ Education એ લેટિન શબ્દ Educare પરથી આવ્યો છે, જે આગળ એડ્યુસર સબંધિત છે. જે અભિવ્યક્તિ કે તેના પ્રતિકાત્મક રૂપ છે. જે સંકલ્પના વ્યક્તિના આંતરિક ક્ષમતાને છતી કરે છે અને વિવિધ સ્તરો પર માનવ વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે બુદ્ધિ જ જ્ઞાન અને મૂલ્યો સાથે સાતત્ય જાળવી રાખી શિક્ષણનો અવકાશ પૂરો પડે છે. સાચા અર્થમાં શિક્ષણ વિશે કહી શકાય કે શિક્ષણ એટલે 'પોષવું', 'ઉપર લાવવા માટે', 'વધારવા માટે'. પૌષ્ટિક ખોરાકની જેમ શિક્ષણથી એક પૌષ્ટિક બાળક કે માનવ શિક્ષિત ધોરણો અનુસાર બહાર લાવી શકાય છે. આનો અર્થ એ થાય કે શિક્ષણએ બાળકને શિક્ષિત કરવા અથવા તેનામાં જે કઈ પણ પડેલું છે તે બહાર કાઢવાનો કે અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જનાર છે. ગાંધીજીએ જે મહાન મિશનરૂપ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું તે ભારતના ગરીબીથી ગ્રસ્ત, અડધા નગ્ન અને અર્ધભૂખ્યા માનવના ઉત્થાન માટે હતું. તેમણે કોઈ જાદુઇ છડી વિના ગોરા બ્રિટીશરોની ફિલસૂફી અને વ્યક્તિગત ગુણોથી પર જઈને ભારતીય સમાજને ઉગારવાનું કામ કરેલું.

'બુનિયાદી તાલીમ' નામનું ઉદઘાટન ૧૯૩૭માં થયું. જેમાં એક અદ્વિતીય રાષ્ટ્રપ્રેમીએ કેળવણીના વિચાર વિના ચાલવાનું નથી. બિન કેળવાયેલ પાસેથી કામ લેતા પહેલાં વિચાર કરવો જોઈએ.જેમાં આપણે જાણીએ છીએ કે 'ચૌરીચૌરા'ની ઘટના બાદ ગાંધીજીએ સ્વગત ઉચ્ચારેલું કે તેમણે અહિંસાનો દોર બિન કેળવાયેલી વ્યક્તિઓને આપી હિમાલય જેવડી ભૂલ કરેલી. ગાંધીજીએ સ્પષ્ટ કહેલું કે "હું ઉદ્યોગમાં શિક્ષણની વાત કરતો નથી, પણ શિક્ષણમાં ઉદ્યોગની વાત કરું છું". જે માત્ર સ્મૃતિપટ પર છવાયેલ નથી, તો પણ આંખ, હાથ, કાન, નાકને પણ તાલીમના સાધન ગણી તેના વડે સાબૂત શિક્ષણ મેળવી શકાય. ખરી કેળવણી મેળવવી હોય તો નાના બાળકોના

શિક્ષણમાં ઉત્તમ પરિસ્થિતી મુજબ કાર્યાનુભવ જોડવાથી કાર્યક્ષમ કાર્યકર્તા કે કુશળ કારીગર ભારતદેશને મળે. દરેક વિષયને અનુબંધ સાધી બહુઆયામી શિક્ષણ મળવું જોઈએ.

"જે શિક્ષણ માણસમાં રહેલ ઉત્તમ તત્વોને બહાર કાઢે તેનું નામ કેળવણી" - ગાંધીજી.

- **કેળવણી એટલે શું?**

આપણે કેળવણીનો સામાન્ય અર્થ અક્ષરજ્ઞાન કરીએ છીએ. વાંચન, લેખન અને ગણન આવડે એટલે શિક્ષણમાં સફળ એવો કૂપમંડૂક અર્થ સર્વવ્યાપિત છે. પણ ખરો અર્થ આપણા હકો શું છે? ફરજો શું છે? જવાબદારી શું છે? શું કરવું? શું ના કરવું? તેનું યથાયોગ્ય ઉચિત જ્ઞાન એટલે કેળવણી. એરિસ્ટોટલે કહેલું કે મોટી મોટી ચોપડીઓ વાંચી જવાથી સદગુણો નથી આવતા, પણ સત્કાર્મો કરવાથી આવે છે. આ સત્કાર્મો એટલે કુદરતને નુકશાન પહોચડ્યા વિના કુદરતી તત્વોને ઉપયોગી થઈ શકાય તેવું વાતાવરણ ઊભું કરવું. કેળવણીનો સામાન્ય અર્થ સુશ્રુષાનો ભાવ, ચારિત્ર્ય ઘડતર, સત્યનો આગ્રહ , સ્વાભિમાન, વિદ્યાપ્રેમી, જ્ઞાની, શુભ આચરણ, સંસ્કારિતા, ગુણવિકાસ, સારા-નરસાનો ભેદ, ચિત્તશુધ્ધિ, શારીરિક સૌષ્ઠવ, આર્થિક પવિત્રતા, આત્મદર્શન કરી શકાય.

- **શિક્ષણનો વર્તમાન અર્થ અને સ્થિતિ** :

સામાન્ય રીતે કેળવણીને શિક્ષણનો તેનો સમાનાર્થી માનવામાં આવે છે, પણ તે એવું નથી. હાલના શિક્ષણમાં માત્ર સ્મૃતિશક્તિ અને ગુણ, ગ્રેડ, નોકરી આધારિત અર્થ હેતુથી શિક્ષણ અપાય છે. એક પણ પૈસાનો વ્યય કર્યા વિનાનો અને અઢળક ખર્ચ કર્યા પછીનો વ્યક્તિ કદાચ એક જ હોદ્દા પર કે નોકરી પર હોઈ શકે છે. જે તાદશ્ય છે. છતાં તે અંગે દરેક વ્યક્તિનો મત અલગ છે.

પોતાનું શિક્ષણ માતૃભાષામાં બાળકને મળવું જોઈએ તેવો શિક્ષિત વિદ્વાનોનો અને ગાંધીજી સહિત તેઓના સહકાર્યકરો એવા કેળવણીકારોનો આગ્રહ પણ હાલ અર્ધસત્ય સાબિત થયો છે. બાળકને શિક્ષણ આપવું એટ્લે શીખવાનું ઓછું અને કામ વધારે. તેમને વાંચતા કરવાનું, તેને આળસ મૂકાવાનું છે જે હાલ કેટલું જોવા મળે છે તે આપણે જાણીએ છીએ.

વર્તમાન સમય કમ્પ્યુટર આધારિત ૨૧મી સદીનો યુગ છે. જેની સાથે તાલમેલ સાધવો જોઈએ તે બેશક સત્ય છે, પણ તેની પાછળ આંધળી દોટ મૂકી મૂલ્યોનો નૈતિક હ્રાસ કરવું આપણા વર્તમાન ભારતને પોષાય તેમ નથી. નૈતિક મૂલ્યોની જાળવણી કરવા અભ્યાસક્રમ અને પાઠ્યક્રમમાં પણ સરકાર શિક્ષણ દ્વારા ભાર મૂકે છે, પણ એ માત્ર શાળા કોલેજોના વર્ગખંડો કે વિષયવસ્તુના જ્ઞાનની પરીક્ષા પૂરતું જ દફતરમાં રહી જાય છે. ધાર્યું પરિણામ કે ધ્યેય પૂરુંના થતાં આત્મહત્યા, નાસીપાસ થવું, ઘર છોડી ભાગી જવું, માનસિક સંતુલન ગુમાવવું, અભ્યાસ છોડી દેવો વગેરે જેવા કિસ્સાઓમાં કેળવણીની ઉણપ જ દેખાય છે. જેના ઉપરથી કહી શકાય કે શિક્ષણ છે પણ કેળવણી નથી.

- **આત્માની કેળવણી તેમજ શિક્ષણનો હાર્દ** :

શરીર અને મનની કેળવણીની સાથે આત્માની કેળવણી પણ જરૂરી છે, જે કેળવવી અઘરી છે. ગાંધીજીના મતે દરેક વ્યક્તિને તેના પોતાના ધર્મ પુસ્તકનું જ્ઞાન હોવા ઉપરાંત આત્મજ્ઞાન મેળવવું અને ઈશ્વરીય સાતત્ય જાળવવું જરૂરી છે. સામાન્ય રીતે હિન્દુ સંસ્કૃતિના ચાર આશ્રમો પૈકી ચોથા આશ્રમમાં જ આત્મજ્ઞાન મેળવવા પર આધાર રખાતો. જે જોતાં જણાઈ આવે છે કે જીવનના અંતિમ વર્ષો સુધી આત્મિક જ્ઞાન મેળવવા રાહ જોઈ જોઈ ઘડપણ આવે અને અંતે પૃથ્વી ઉપર બોજરૂપ થઈ જીવવું પડે એના કરતાં બાલ્યાવસ્થાથી જ આત્મીય જ્ઞાન શરૂ કરવું જોઈએ.

ગાંધીજીએ ફિનિક્સ આશ્રમમાં જાતે રસોડુ બનાવવાની શરૂઆત કરેલી. તેવી જ રીતે ૨૨મી મે, ૧૯૧૫માં સત્યાગ્રહ આશ્રમ સ્થપાતાં તેમના અંતેવાસી સહકાર્યકરો અને તેમના બાળકોના શિક્ષણ અંગે બાપુએ જેન્ડર શિક્ષણની શરૂઆત કરી. દરેક બાળકની ક્ષમતા ઓળખી શિક્ષણ આપવું, શારીરિક શ્રમ સાથે શિક્ષણ પર ભાર મૂકવો, દરેક કામને કાર્ય-કારણથી સમજવું, અક્ષરજ્ઞાન પણ કુદરતી તત્વોનો ઉપયોગ કરી ભૌમિતિક આકારો સાથે કરવું. અક્ષરજ્ઞાન પૂર્વે સામાન્યજ્ઞાન આપવાની શરૂઆત કરવી. ગુજરાતી ભાષા શીખવાનો ક્રમ વાંચન, લેખન, અર્થગ્રહણના મનોવૈજ્ઞાનિક શીખવાના ક્રમ ઉપર ભાર મૂકવો. બાળકોને આઠ વર્ષ સુધી બને તેટલું વધુ શીખવવું, જેમાં રસ હોય તે શીખવવું, નીરસ વિષયમાં ન ધકેલવો, રમતો દ્વારા શિક્ષણ માતૃભાષામાં આપવું. શિક્ષણને ધર્મ સાથે સાંકળવાથી વધુ અસરકારક બનાવી શકાય. બીજો કાળ ૯ થી ૧૬વર્ષમાં ધર્મજ્ઞાન આપવું, માતપિતાનો વ્યવસાય જાણી ધંધાનું જ્ઞાન આપવું. ૧૬વર્ષ સુધી જીવન કૌશલ્યોની તાલીમ જેવી કે રસોઈ, વાસણ માંજવા, સફાઈ, સીવણકામ, વણાટકામ, કાંતણકામ વગેરે આપવું. ત્રીજો કાળ ૧૬ થી ૨૫વર્ષમાં ઈચ્છા અને રસ મુજબ શિક્ષણ આપવું. બાળપણના પ્રથમ દાયકા પછી સ્વાવલંબન શિક્ષણ મળવું જોઈએ. અંગ્રેજીનું શિક્ષણ ભાષાશિક્ષણ પૂરતું હોવું જોઈએ તેવો અભિગમ ગાંધીજીનો હતો.

- **શિક્ષક અને શાળાના હેતુ અને જરૂરિયાતો** :

ગાંધીજી પોતાના વિચારોમાં શાળા તેમજ શિક્ષકની જરૂરિયાત અને હેતુઓ સમય, સ્થળ અને સ્થિતિ મુજબ હોવા જોઈએ. શિક્ષકોની જરૂરિયાતોમાં પોતાની માતૃભાષા, પ્રદેશ ભાષા તેમજ રાષ્ટ્રભાષાનું પૂરું જ્ઞાન હોવું જોઈએ, જીવન કૌશલ્યોનું જ્ઞાન હોવું ઘટે. શારીરિક સ્વચ્છતા સંબંધી જ્ઞાન, ભારતના ભૌગોલિક પ્રદેશોથી શક્ય હોય તો મુલાકાત અને પ્રત્યક્ષ દર્શનથી પરિચિત થવું. ઉપરાંત નૈતિક મૂલ્યોથી સમૃદ્ધ હોવો જોઈએ. જ્યારે શાળાએ પોતાની શિક્ષણ પધ્ધતિ અખત્યાર કરી, ચારિત્ર્ય ઘડતર પૂરું પાડી દેશ સેવામાં જોડાવાનો લક્ષ્યાંક રાખવો, માતૃભાષાનું ગૌરવ વધારવું, રાષ્ટભાષાનું જતન કરવું, પોતાની શાળા આદર્શ રોલમોડેલ બનાવવી જેથી નમૂના રૂપ બને.

આમ ગાંધીજીના મતાનુસાર આઝાદ ભારતની કાયાપલટ કરવા ગ્રામ

સ્વરાજ પર આધારિત લોકશાહી પદ્ધતિને વધુ વ્યાપક બનવાની છે. જે દુર્ભાગ્યે આપણી હાલની સ્થિતિ બ્રિટિશ સંસદીય પ્રણાલીને અનુસરીને ભારતના રાજકીય પક્ષોને મહત્વ આપીને નૈતિકતા માટે અસમર્થ બની હોય તેવું જોવા મળે છે. ભારત માટે ધર્મ, જાતિ, અને વંશ આધારિત હરીફાઈ અને વર્ચસ્વ મેળવવા અને સત્તા પર આવવા ભારતીય પ્રજાનું અને તેમના લોક કલ્યાણના કામોનું હનન કર્યા વિના ભારતના ગ્રામ સ્વરાજની બાપુની સંકલ્પના હતી.

- **ગાંધીજીના શિક્ષણના વિચારો અને વર્તમાન સ્થિતિની તુલના** :

જેમ જેમ સમય વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે કદમ મિલાવી રહ્યો છે, તેમ તેમ ભારતમાં જ નહીં પણ વિશ્વમાં ગાંધી વિચારોનું વૈશ્વિક કદ ઘટતું જાય છે. ગાંધીજીનું સ્થાન બુદ્ધ, ઇસુ ખ્રિસ્ત, મુસા, મોહમ્મદ વગેરે જેવા સર્વધર્મ વિચારધારકોમાં લઈ શકાય. ગાંધીજીએ પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં આબેહૂબ નોધ્યું છે કે "મારું જીવન એ જ મારો સંદેશો છે". વધુમાં ગાંધીજી જણાવે છે કે સત્યવાદી બનો, સત્યથી વિશ્વાસ, આદર, માન મર્યાદા એવા મૂલ્યો આપોઆપ આવી જાય છે. સત્યને શોધવાનો વ્યવસાય બનાવી દો, ગુપ્તમાં એવું કઈ ના કરો જેને તમે જાહેર ના કરી શકો. બાપુના આવા સંદેશાની હાલની સ્થિતિ કંઈક જુદી જણાય છે. દેશના સેવકો અને આમજનતા પણ પોતાના સ્વાર્થ માટે સત્યને ગળી જાય છે.

ગાંધીજીના માટે સાચું શિક્ષણ એ શિક્ષકોનો સર્વાંગી વિકાસ છે, જે ક્રિયા અને પ્રત્યક્ષ અનુભવો દ્વારા પ્રાપ્ત થાય છે. ક્રિયા દ્વારા યોગ્ય રીતે નિર્ધારિત સમસ્યાઓના સંબંધમાં જ્ઞાન અને સમજણ વિકસે છે. મગજમાં માહિતીનો ભાર માત્ર યાદ શક્તિનો પ્રભાવ, ગોખણપટ્ટીની આદત વિકસાવે છે અને બૌદ્ધિક ક્ષમતાનું અપચન થતાં ભણતરને વિસ્મૃતિમાં મૂકી દે છે. શું હાલમાં ૨૧ સદીમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજી સાથે તાલ મિલાવી રહેલા અને કૂપમંડૂક માનસિકતા ધરાવતા આજના ભારતના શિક્ષિત વાલીઓ આ વિચાર ને અનુસરે છે ખરા?

"એક શિક્ષણ જે આપણને સારા અને ખરાબ વચ્ચે ભેદ પાડવાનું શીખવતું નથી, એકનું આત્મસાત કરવું અને બીજાને બચાવવા, તે ખોટી વાત છે." (હરિજન, ૧૮-૦૨-૧૯૩૯)

મૂળભૂત પાયાનું શિક્ષણ બાળકોને શહેરોમાં અને ગામડાઓમાં તેમજ જે ભારતના શ્રેષ્ઠ અને સ્થાયી છે તેનાથી જોડે છે. તેથી આપણે વિચારી શકીએ કે મહાત્મા ગાંધી બાપુની દીર્ઘદૃષ્ટિ કેટલી આગમવાણી જેવી હશે.

"શું શિક્ષણ એ તાલીમ હેઠળ બાળકોનો સંપૂર્ણ પુરુષાર્થ દોરવાની કળા નથી?" - (યંગ ઈન્ડિયા, ૧૨-૦૩-૧૯૨૫)

ગાંધીજીના માટે શિક્ષણ અને કેળવણી આજીવનની કવાયત છે. શિક્ષણ માનવના શરીર અને મન તેમજ આત્માને આનંદ અને કાર્યક્ષમતા પ્રાપ્ત કરવાના સાધન તરીકે કામ કરી તેને આકાર આપે છે. ગાંધીજી દ્વારા ઘડવામાં આવેલ એજન્ડા મુજબ (૧) હાલની શિક્ષણની પધ્ધતિ જે માનવ જીવનના સંપૂર્ણ પાસાને કૌશલ્યમય

બનાવે તેવી હોવી ઘટે. (૨) પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ ઓછામાં ઓછો ૭ કે ૮વર્ષનો બનાવી મેટ્રિક સુધી રાખી સામાન્યજ્ઞાન અને અંગ્રેજી ભાષા લક્ષી ઓછો અને વ્યવસાય કેન્દ્રી વધુ હોવો જોઈએ. (૩) ઉચ્ચ શિક્ષણને ખાનગી ઉદ્યોગ પર છોડી દેવું જોઈએ જેથી ઉદ્યોગો, તકનીકી કળા તેમજ લલિત કળાઓ રાષ્ટ્રીય જરૂરિયાતને પૂરી કરી શકે.

- **પાયાના શિક્ષણનો વર્તમાન પરિપ્રેક્ષ** : મૂળભૂત પાયાના શિક્ષણમાં અપનાવેલ અભ્યાસક્રમમાં હસ્તકલાનું સ્થાન, હસ્તકલાની પસંદગી કરી હોવા છતાં મોટાભાગની શાળાઓ જાણે વ્યવસાયનું માધ્યમ બની હોય તેમ પોતાની શિક્ષણ પ્રણાલી અને નિયમો હસ્તગત કરી મનામાની કરી રહી છે. કોઠારી આયોગ, ૧૯૬૪-૬૬એ તેની આવશ્યક સુવિધાઓ માટે સમર્થન આપ્યું. જેમાં કાર્ય અનુભવ, સમુદાય જીવન નિર્વાહ, સેવા, નાગરિકત્વ, તાલીમ, વસુધૈવ કુટુંબકમ, સામાજિક અને આધ્યાત્મિક મૂલ્યો અને અનુભવ સાથે જ્ઞાનની હિમાયત કરી છે. વર્તમાન સમયમાં સરકાર દ્વારા પ્રાથમિક ધોરણમાં પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન અને બાળક પોતાની આવડતથી શીખે અને દરેક બાળક પર શિક્ષક દ્વારા વ્યક્તિગત ધ્યાન રાખી માર્ગદર્શન આપવામાં આવે તેવો અભિગમનું અમલીકરણ કર્યું છે. ત્યારબાદ માધ્યમિક ધોરણે સર્વાંગી મૂલ્યાંકન દ્વારા બાળકના તમામ પાસાંને ધ્યાને લઈ શિક્ષણ અપાય છે. તેમજ ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થી પોતાના મનગમતા વિષયો સાથે સ્નાતક અને અનુસ્નાતક તેમજ સંશોધનનો અભ્યાસ કરી શકે છે. આમ કહી શકાય કે ભારતનો સર્વાંગી વિકાસ ભારતના બાળકોના સર્વાંગી વિકાસ પર જ આધાર રાખે છે. જેની જવાબદારી આપ સૌ નાગરિકો તેમજ ગુરૂજનોની થઈ પડે છે. આપણે સૌ ગાંધીજીના કેળવણીના ખ્યાલો અને સિદ્ધાંતોને અનુસરી ફરીથી મહાત્મા ગાંધી બાપુને ભારતના ગામડે ગામડે જીવંત કરીએ.

- **સંદર્ભ** :

(૧) Gandhi M.K., "The Collected Works", Navjivan, Ahamedabad, 1977.

(૨) Gandhi (Mahatma), "The selected Works Of Mahatma Gandhi : The Voic Of Truth", Navajivan Publication House, Ahmedabad, 1968.

(૩) Gandhi M.K., "True Education On The NCTE site".

(૪) પટેલ મગનભાઇ જો.(સં.), "ગાંધીજીનું શિક્ષણદર્શન (એમના જ શબ્દોમાં)", નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ચોથી આવૃત્તિ-૨૦૧૧.

(૫) ગાંધીજી, "કેળવણીનો કોયડો", બીજી આવૃત્તિ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૬.

(૬) ગાંધીજી, "ખરી કેળવણી", બીજી આવૃત્તિ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૫.

(૭) ગાંધી મો.ક., "સત્યના પ્રયોગો", નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, આવૃત્તિ-૧૯૯૪.